ગાંધીનગર સમાચાર
તા. ૮-૩-૨૦૧૨, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### મહિલાઓ કશુંક 'નક્કર' માગી રહી છે

પંજાબના તરણ તારણ ખાતે એક બાવીસ વર્ષની યુવતી સાથે ત્યાંની પોલીસે જે રાક્ષસી મારઝૂડ કરી તે આખી દુનિયાએ ટીવીના પડદે નિહાળી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના બે દિવસ અગાઉ બનેલી આ નૃશંસ ઘટના ભારતમાં સ્ત્રી જાતિ પ્રત્યે એકવીસમી સદીમાં પણ કેવો અધમ વ્યવહાર કરવામાં આવી રહ્યો છે એની સાહેદી પૂરે છે. પૂર્વ સંધ્યાએ આંતરરાષ્ટ્રીય બહુમાન જાહેર કરાયું છે, તે જરૂર આવકારદાયક બાબત છે, પરંતુ એ પણ સત્ય છે કે સરકારના લાખ પ્રયત્નો છતાં સ્ત્રીઓ ઉપરનાં બળાત્કાર કે અત્યાચારના કિસ્સા અટક્યા નથી. રોજેરોજ દેશનાં કોઈ ને કોઈ ભાગમાં સામૂહિક બળાત્કાર કે છેડતીની સંખ્યાબંધ ઘટનાઓ ઘટતી રહે છે. સરકાર આ મુદ્દે કશુંક નક્કર કામ કરી બતાવવા માગે છે પરંતુ આ તો પુરૂષની પરંપરાગત માનસિકતાનો મુદ્દો છે. એમ કંઈ એ રાતોરાત બદલાઈ શકે નહીં. એકાદ ઘટનાથી આખો દેશ હચમચી ઊઠ્યો તે લોકમાનસ પર થયેલી પ્રભાવક પીડાની અસર હતી. પરંતુ દિલ્હી જેવી ઘટના ગુજરાતમાં પણ ઘટી હતી. પ્રજાએ એની સામે આંખ આડા કાન કરી દીધા હતા. તે સર્વવિદિત છે. મહિલા શક્તિને ઉજાગર કરવાની દિશામાં ઘણાં લાબા સમયથી પ્રયત્નો શરૂ થયા છે. પંચાયતો અને પાલિકાઓમાં એક તૃતીયાંશ મહિલા અનામત બેઠકો રાખવા પાછળ પણ મહિલા સશક્તિકરણનો જ આશય હતો. એથી મહિલાઓની તાકાત કેટલી વધી, એ સંશોધનનો વિષય છે. પુરૂષોએ 'પ્રોક્ષી' વહીવટ કરવાની આવડત કેળવી લીધી છે. સરપંચ તરીકે ચૂંટાયેલાં મહિલા અગ્રણી એમનું રસોડું જ સંભાળતાં રહ્યા છે. કયારેક તો તલાટી એમનો અંગૂઠો પડાવવા દફતર લઈને ઘરે પહોંચી જાય છે તો કયારેક મહિલા સરપંચના પતિ-પરમેશ્વર એમનાં શ્રીમતીજી વતી મત્તું મારી દે છે. ખાનદાન કુટુંબોમા આજે પણ દીકરી સાપનો ભારો જ બની રહે છે. એને પારકી થાપણ ગણી ઉછેરવામાં આવે છે. મોં માંગ્યું દહેજ કે વાંકડો આપી એને વળાવવામાં આવે છે. પછાત ગણાતી જ્ઞાતિઓમાં સામા પક્ષ પાસેથી દાંપુ લેવામાં આવે છે. એક તરફ દીકરી પાછળ જિંદગીભર ખુવાર થતો સંભ્રાન્ત વર્ગ છે તો બીજી તરફ કન્યાવિક્રય કરી મોજમજા ઉડાવનારો પછાત સમાજ છે. દીકરીએ તો બેઉ તરફ પિસાવાનું જ રહે છે. પરંતુ કેટલાક દાયકાઓથી સ્ત્રી કેળવણી મેળવીને પોતાના હક્કો પરત્વે જાગ્રત બની છે. હવે એ પુરૂષની જોહુકમી સહન કરી લેવા હરગિજ તૈયાર નથી. એ ફરિયાદ કરતી થઈ છે. ખાનદાન કુટુંબોમાં અગાઉ સ્ત્રીઓનો પુનર્વિવાહ અશકયવત્ બાબત હતી. આજે એવા ખોટા ખ્યાલોમાંથી સમાજ બહાર આવી રહ્યો છે. પુરૂષોના ક્ષેત્રમાં પણ મહિલાઓએ સફળતાપૂર્વક પદાર્પણ કર્યું છે. આપણી પાસે કિરણ બેદી અને ઈંદ્રા નૂયી ઉપરાંત અંતરીક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ જેવાં અગણિત ઉદાહરણ છે. ઈંન્દિરા ગાંધી, બેન્ઝીર ભૂટ્ટો, શેખ હસીના, માર્ગારેટ થેચર, હિલેરી ક્લિન્ટન કે બંડારનાયકેથી લઈ સોનિયાં ગાંધી, જયલલિતા, મમતા બેનરજી અને માયાવતી જેવી જાજરમાન મહિલાઓએ રાજકીય ક્ષેત્રે પણ નારીશક્તિની વિજયપતાકા ફરકાવી છે. છતાં, મહદંશે મહિલાઓ હજી 'પિંજરે કી મૈના' જેવી ગુલામીની સ્થિતિમાંથી બહાર આવી નથી તે સત્ય સ્વીકારવું જ રહ્યું. પાકિસ્તાનની મલાલાની બોલતી બંધ કરી દેવા એના પર જીવલેણ હુમલો થયો તેમ ખાપ પંચાયતો એમના બાબા આદમના જમાનાના કડક કાયદા કાનૂન અમલી બનાવી ગ્રામીણ મહિલાઓને ઘરનો ઉંબર ઓળંગવા દેવા આજે પણ સહમત નથી. 'નારી તું નારાયણી' કહી એનાં માતૃત્વ અને સતીત્વને પૂજનારો પુરૂષ સમાજ હજી પણ સ્ત્રીને ફક્ત સીતા અને સાવિત્રીના જ ચોકામાં પૂરી રાખવા કૃત-સંકલ્પ નથી લાગતો શું?

## શાળાઓના પરીક્ષાખંડમાં લગાવેલા ભીંતપત્રો યથાવત જોવા મળ્યા

ગાંધીનગર, તા.૭

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પ્રારંભે જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો નથી. જયારે શાળા બહાર પણ કાપલી તેમજ ચોરીના સાહિત્ય માટે પ્રશ્ચાતાપ પેટી મુકવામાં આવી હતી પરંતુ શાળાના પરીક્ષાખંડમાં ચિપકાવેલા વિષય સંબંધી ભીંતપત્રો યથાવત જોવા મળ્યા હતા.

જિલ્લામાં શાંતિપૂર્ણ રીતે બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે પ્રશ્નપત્રો સરળ નીકળતા વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો છે. જિલ્લામાં ગેરરિતીનો એક પણ કેસ નોંધાયો નથી. પરંતુ શહેરની શાળાઓમાં પરીક્ષાખંડમાં વિવિધ વિષય સંબાંધિત ભીંતપત્રો ચીપકાવેલા હોવાનું ધ્યાને આવ્યું હતું. પરીક્ષા દરમિયાન ચોરી ન થાય તે માટે જિલ્લા કલેકટર કક્ષાએ પણ ૧૦ અધિકારીઓની સ્કવોર્ડે રાઉન્ડ લીધો હતો. જયારે શાળાઓમાં પ્રવેશદ્વારે કાપલી અને ચોરીના અન્ય સાહિત્ય માટે પશ્ચાતાપ પેટી મુકવામાં આવી છે. બીજી તરફ આજે પરીક્ષાના પ્રાંરભે શહેરની ઘણી ખરી શાળાઓમાં પરીક્ષાખંડની અંદર વિવિધ પ્રકારના લખાણો સંબંધિત ભીંતપત્રો ચિપકાવેલા જોવા મળ્યા હતા. પરીક્ષાર્થીઓની નજરે ચઢે તેવા ભીંતપત્રો બોર્ડની પરીક્ષા હોવા છતાં દૂર કરાયા ન હતાં.

## સે. ૨૭ની સરકારી શાળાનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવાની હિલચાલ

ગાંધીનગર, તા. ૭

સેકટર-૨૭માં આવેલ મહારાણા પ્રતાપ વિદ્યામંદિર શાળાનો વહીવટ ખાનગી સંસ્થાને સોંપવાની હાથ ધરાયેલ કવાયતને પગલે આ વિસ્તારના રહીશોમાં વિરોધની લાગણી ઉભી થવા પામી છે.

ગત શૈક્ષણિક સત્ર દરમ્યાન સરકારી શાળાઓના વિલીનીકરણના નિર્ણય બાદ હવે સે. ૨૭ની આ સરકારી શાળાનો વહીવટ ખાનગી સંસ્થાને સોંપવાનો મામલો પાટનગરમાં ધીમી ગતિએ ગરમાઈ રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે આ શાળાનું સંચાલન ખાનગી સંસ્થાને આગામી શૈક્ષણિક સત્રથી સોંપી દેવા માટેની કવાયત હાથ ધરી છે અને તે તેના અંતિમ તબક્કામાં છે.

સે. ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ચરેડી છાપરા, પેથાપુર, બોરીજ, આદિવાડા, ફતેપુરાના બાળકો હાલ આ શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. ખાનગી સંસ્થાને જો આ શાળાના વહીવટનું સંચાલન સોંપી દેવાય તો ગરીબ વર્ગના બાળકો માટે શિક્ષણ મેળવવું અઘરૂ બની જશે.

દરમ્યાન આજે આ વોર્ડમાંથી ચુંટાયેલા ભાજપના કાઉન્સીલર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ લોકોની લાગણી સાથે સહમત થઈ અને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચાવડાએ રૂબરૂ મળી રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરમાં હાલ રાજ્ય સરકાર પાંચથી પણ વધુ માધ્યમિક શાળાઓનું સંચાલન કરી રહી છે. ગત વર્ષે બે શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. શિક્ષણ જગતમાં સરકાર હવે શાળાનો વહીવટ ખાનગી સંસ્થાને સોંપી રહી હોવાના મામલે સન્નાટો છવાઈ જવા પામ્યો છે તેમજ આ મામલે આગામી દિવસોમાં આઆંદોલનનો માર્ગ અપનાવવામાં આવે તેવી શક્યતાઓ છે.

## પ્રથમ દિવસે એક પણ કોપી કેસ નહી નોંધાયો

અમદાવાદ, તા.૭

ધોરણ ૧૦ની પ્રથમ ભાષાની પરીક્ષામાં અમદાવાદમાં એક પણ કોપી કેસ નોંધાયો નથી. સમગ્ર દિવસ દરમિયાન ફલાઈંગ સ્કવોર્ડ અને સ્થાનિક સ્કવોર્ડની ટુકડીઓએ વિવિધ કેન્દ્રોની મુલાકાત લીધી હતી. પરંતુ આ ટીમોએ કોપી કરતા એક પણ વિદ્યાર્થીને ઝડપ્યો ન હતો. જેની પ્રથમ દિવસે અમદાવાદમાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૦ની પરીક્ષામાં પ્રથમ દિવસે રાજ્યના ૯૮૧૮૧૫ વિદ્યાર્થીઓમાં અમદાવાદના પણ ૬૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન ડીઈઓ પોતે અને સ્કવોર્ડની ટુકડીઓએ વિવિધ સ્કૂલો પર ફરીને તપાસ કરી હતી. પરંતુ કોઈ વિદ્યાર્થી કોપી કરતા પકડાયો ન હતો.

દરમિયાન ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં અમદાવાદની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓ વહેલી સવારથી પરીક્ષા આપવા પહોંચી ગયા હતા. જો કે વિદ્યાર્થીઓને પારદર્શક પાણીની બોટલ અને કંપાસ બોક્સ લઈને વર્ગખંડમાં ન જવા દેતા વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. જો કે તંત્રના ઈધાકીરઓએ દરમિયાનગીરી કરી મામલો સંભાળી લીધો હતો. વાલીઓના રોષના સામે ઝુકી પાણીની બોટલો અને કંપાસ બોક્સ જો પારદર્શક ન હોય તો પરીક્ષાખંડમાં લઈજવા દેવામાં આવ્યા હતા. જો કે પારદર્શક પાણીની બોટલો એ કંપાસ બોક્સ વર્ગખંડની બહાર જ મુકાવાયા હતા.

## સે.- ૮ની પ્રાથમિક શાળાના બાળકોના શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર, તા. ૭

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૮ના ૩૫ વિદ્યાર્થીઓ પુસ્તકના જ્ઞાને પ્રત્યક્ષ નિહાળવા માટે ગાંધીનગરમાં અક્ષયપાત્ર, અદાલત, પોસ્ટ ઓફિસ, વિધાનસભા, નિસર્ગ સાયન્ય સેન્ટર, એક્ષીસ બેંકની મુલાકાત લીધી હતી. શાળા તરફથી દરેક સંસ્થાના અધિકારીઓનો આભાર માન્યો હતો.

## સરસ્વતી શિશુમંદિરનો વાર્ષિકોત્સવ શનિવારે ઉજવાશે

ગાંધીનગર, તા. ૭

ભારતીય વિદ્યા નિકેતન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરનો વાર્ષિકોત્સવ તા. ૯ માર્ચના સાંજે ૭.૦૦ કલાકે ટાઉન હોલ ખાતે યોજાશે.

ધારાસભ્ય અશોકભાઈ પટેલ અધ્યપદે, મહેન્દ્રસિંહ રાણા, મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાના મુખ્ય મહેમાન પદે પૂર્વેશભાઈ જે. ખમાર સંચાલક અમૃત વિદ્યાલય ઓઢવ અતિથિ વિશેષ પદે હાજર રહેશે.

## આજે પંડીત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૭

પંડિત દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટી દ્વારા આજે તા. ૮મી માર્ચ ૨૦૧૩ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એકસ્ટ્રા ઓર્ડિનરી મહિલાઓ વિશે વ્યાખ્યાન શ્રેણી કાર્યક્રમ યોજાશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યોજાનાર વ્યાખ્યાન શ્રેણીમાં મુખ્ય મહેમાન તરીકે મંત્રી વસુબેન ત્રિવેદી, આઈએએસ અંજુ શર્મા ખાસ ઉપસ્થિત રહેશે.




ભાઈ રામા, આજે અમે વિમેન્સ-ડે ઉજવવાનું નક્કી કર્યું છે... આજે તારે રજા... સાહેબ તારું બધું કામ કરશે...!

## ભણતરમાં ડૂબેલા ઈજનેરી છાત્રોનો આક્રોશ : હડતાલની રાહ અપનાવી

**કલ્ચરલ-ટેકનિકલ ઈવેન્ટ અને સ્પોર્ટ્સની પ્રવૃત્તિના નામે મીંડુ : વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો**

ગાંધીનગર, તા. ૭

કલ્ચરલ અને ટેકનિકલ ઈવેન્ટ અંગે મંજૂરી નહીં આપવાની સાથે છેલ્લા વર્ષમાં અન્યાય કરતા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ ન આપવાના મામલે સે. ૨૮ સ્થિત ઈજનેરી કોલેજના સ્ટુડન્સોએ આજે આક્રોશ વ્યક્ત કર્યો હતો. કોલેજ સંચાલકોની આ નીતિ સામે વિવિધ ફેકલ્ટીઝના વિદ્યાર્થીઓએ આજે કોલેજમાં હોબાળો મચાવી હડતાલનું એલાન કર્યું હતું.

સે. ૨૮ સ્થિત સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ આજે એકજૂથ થઈને વિવિધ બાબતે વિરોધ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થી યુનિયનના જણાવ્યા મુજબ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સિવાય કોઈ કલ્ચરલ કે ટેકનિકલ ઈવેન્ટ યોજવામાં આવતી નથી. રમત-ગમતની પ્રવૃત્તિ સંદર્ભેપણ ઉદાસીનતા સેવવામાં આવી નહીં હોવાનો આક્રોશ ઠાલવ્યો હતો. કોલેજ કેમ્પસમાં એકત્રિત થયેલા ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં ડીપોઝીટ પેટે ૨ હજાર વધારાના લેવાતા નિર્ણય મામલે પણ રોષ વ્યક્ત કર્યો હતો. જ્યારે છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં ન આવતો હોવાનું પણ સ્ટુડન્ટ્સોએ જણાવ્યું હતું. કોલેજના આચાર્યને પણ કામ સંબંધિત બાબતે વિદ્યાર્થીઓ મળી શકતા ન હોવાનો પ્રબળ રોષ પણ વ્યક્ત કરાયો હતો. એકત્રિત વિદ્યાર્થીઓએ પોતાની માંગણી સંતોષવા હડતાલની રાહ અપનાવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

## ગુજરાતીમાં શિષ્યવૃતિ-ખેલમહાકુંભ પૂછાયા

અમદાવાદ, તા.૭

સમગ્ર રાજ્યમાં આજથી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે ભાષાના પેપરમાં કરંટ ઈશ્યુનું વર્ચસ્વ જોવા મળ્યુ હતુ. જેમાં ગુજરાતીના પેપરમાં શિષ્યવૃત્તી અને ખેલમહાકુંભ અંગે નિબંધો પૂછાયા હતા. અત્યારે વર્તમાન પત્રોમાં લઘુમતિ અને વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તીનો સમાચાર આવતા હોવાથી વિદ્યાર્થીઓને જવાબ લખવામાં સરળતા રહી હતી. જ્યારે ખેલમહાકુંભ પણ તાજેતરમાં સંપન્ન થયો હોવાથી તેનો પ્રશ્ન જોઈ વિદ્યાર્થીઓ ખુશીમાં આવી ગયા હતા.

## "બાયોલોજી શાખામાં આંતરરાષ્ટ્રીય સ્તરે બહુમાન મેળવનારા ગાંધીનગરની મહિલા પ્રોફેસર" - ડૉ. રાજકુમારી કલમેશ પારવાણી

**વિશ્વ મહિલા દિવસ નિમિત્તે**

- માહિતી : જનક પટેલ (સાહિત્યકાર, લેખક)



ગુજરાતના પાટનગર ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કૉલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર રાજકુમારી પારવાણીનાં રિસર્ચ પેપર પર આધારિત પુસ્તક વિદેશમાં ગયા વર્ષે પ્રકાશિત થયું હતુ. જેના માટે ભારતદેશનો વિદ્વાન સમુદાય ગૌરવ અનુભવે છે. ઈ.સ. ૨૦૧૧માં જર્મનીનાં બર્લિન શહેરમાં યાજાયેલ ઓગણસામી બાયોપાસ યુરોપીયન કોન્ફરન્સમાં શ્રીમતી રાજકુમારીએ દસ દિવસ માટે હાજરી આપી હતી. ત્યાં એમનું વનસ્પતિશાસ્ત્ર પર આધારિત રિસર્ચ પેપર પ્રકાશિત થયું હતું. જેનો સમગ્ર ખર્ચ દિલ્હીની યુ.જી.સી. સંસ્થા દ્વારા આપવામાં આવ્યો હતો. ત્યારબાદ કોન્ફરન્સની પ્રોસીડીન્ગસમાં એ સંશોધન પેપર પબ્લિશ થયું અને તે પછી રાજકુમારીના રિસર્ચને આધારે પુસ્તક બનેલું - જેને યુરોપીયન પ્રકાશકો એ પ્રકાશિત કર્યું હતું. પુસ્તકની લોકપ્રિયતાને કારણે હાલમાં પણ યુકે, યુએસએસ, ફ્રાન્સ, જર્મની, સ્વીડન, ડેન્માર્ક, ઈટલી, જાપાન, જેવા દેશોમાં ફેમસ

### "જગ પ્રસિધ્ધ વ્યક્તિઓની બાયોગ્રાફી પ્રકાશિત કરતી વિશ્વની નામાંકીત ડિરેકટરી બુકમાં ગાંધીનગરના ડૉ. રાજકુમારી પારવાણી

બુક સ્ટોર્સ પર તે ઉપલબ્ધ છે. જેનાં માટે વિજ્ઞાનપ્રેમીઓ અને શિક્ષણ જગત તરફથી રાજકુમારી પારવાણીને અઢળક શુભેચ્છાઓ મળી હતી. તદ્ઉપરાંત દુનિયાભરની મેજર વેબસાઈટો પર રાજકુમારીના પુસ્તકની માહિતી મેળવી શકાય છે.

૨૦૧૩ ના ચાલુ વર્ષે પણ શ્રીમતી રાજકુમારીએ નવીન સિધ્ધિ હાંસલ કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. વિશ્વની નામાંકીત વ્યક્તિઓની બાયોગ્રાફી પ્રકાશિત કરતી, **'Who's who in the World'** નામની ડિરેકટરીમાં ડૉ. રાજકુમારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે ડિરેકટરી યુ.એસ.એ.થી પ્રકાશિત થાય છે. એવી જ રીતે **"2000 out-standing Intellectuals of 21 st"** ડિરેકટરી - જેમા ચાલું વર્ષનાં વિશ્વપ્રસિધ્ધ વ્યકિતઓના જીવનની નોંધ લેવામાં આવી છે. એમાં પણ ડૉ. પારવાણીના જીવનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ડિરેકટરી વિશ્વપ્રસિધ્ધ લાઈબ્રેરી "લાઈબ્રેરી ઑફ કોંગ્રેસ - વોશિંગ્ટન" અને "બ્રિટીશ લાઈબ્રેરી લંડન" માં ઉપલબ્ધ થશે. આમ, ગાંધીનગરની યુવા મહિલા પ્રોફેસર ડૉ. રાજકુમારી પારવાણીએ આંતરરાષ્ટ્રીય સ્તરે બહુમાન મેળવી વિજ્ઞાન તરફ ડગ માંડતા વિદ્યાર્થીઓ અને કૉલેજીયન માટે પ્રેરણારૂપ બન્યાં છે.

યુવા જગતને સંદેશો આપતાં રાજકુમારી કહે છે કે "જો વ્યક્તિમાં આંતરિક સૌંદર્ય ન હોય તો બાહ્ય સુંદરતાનો કોઈ જ મહત્વ રહેતું નથી. કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવા માટે આંતરિક શક્તિની જરૂર પડે છે અને તે આંતરીક સૌંદર્યથી જ મળે છે. જો તમારી પાસે તે જ દિમાગ અને સાચું હૃદય હોય તો દુનિયાની કોઈ પણ તાકાત તમને રોકી શકતી નથી."

## રાજકારણનાં ફલક પર મહિલાઓની ભૂમિકા

### ભારતીય ઈતિહાસ તરફ નજર કરીએ તો શરૂથી જ અનેક મહિલા રાજકર્તાઓ રહી ચૂકી છે અને ઉમદા અને સફળ રાજકર્તા પૂરવાર થઈ છે

સ્વતંત્રતા વખતે નહેરૂજી વડાપ્રધાન થયા ત્યારે ગાંધીજીએ 'કોઈ મહિલા કે દલિત મહિલા રાષ્ટ્રપતી બને' એમ સૂચવ્યું હતું.

દુનિયાના દેશોમાં રાજકારણની એક ઝાંખી કરીએ તો બહુ દેશોમાં સ્ત્રીઓએ શક્તિશાળી રાજકારણી તરીકે બહાર આવી ઉચ્ચ હોદ્દાઓ



સંભાળ્યા છે.

આજની અત્યંત વિકાસશીલ અને શક્તિશાળી મહાસભા ગણાતી અમેરીકામાં પણ મહિલા રાજકારણીઓને સ્વીકૃતિમાં પછાત છે. શ્રીમતી હિલેરી કિલન્ટનને પણ પ્રજાએ જાકારો આપેલ. અમેરીકન પ્રજા બહુ જલ્દી સ્ત્રીઓને રાજકર્તા તરીકે સ્થાપી શકતી નથી તે બાબતમાં રૂઢિચૂસ્ત, અલ્પવિકસિત તથા પરંપરાવાદમાં માનતા ભારત, પાકિસ્તાન, શ્રીલંકા અને બાંગ્લાદેશે ઉદારમત અપનાવેલ છે. ભારતની અભણ ગણાતી પ્રજા કદાચ વૈચારિક રીતે અમેરીકાથી ક્યાંય આગળ નીકળી ગઈ છે.

ભારતીય ઈતિહાસ તરફ નજર કરીએ તો શરૂથી જ અનેક મહિલા રાજકર્તાઓ રહી ચૂકી છે અને ઉમદા અને સફળ રાજકર્તા પૂરવાર થઈ છે.

મજબૂત મનોબળ દૃઢ સંકલ્પ, શક્તિશાળી સચોટ નિર્ણયશક્તિ અને રાજકીય કાવાદાવામાં નિપૂર્ણ ઈન્દિરા ગાંધી સફળ પૂરવાર થયેલ છે.

મોગલ યુગ દરમ્યાન જાણીતી સ્ત્રી રાજકર્તા રઝીયા સુલતાનનું નામ મોખરે છે રૂઢીચુસ્ત સમયમાં રાજય બાહોશી અને મુનસુફીગીરીથી ચલાવ્યું હતું અને અનેક સુધારા કર્યા હતા ઝાંસીની રાણીનું પણ ઉદાહરણ રૂપ છે તેમજ અહલ્યાબાઈ હોડકર ઈન્દોર મધ્ય પ્રદેશના રાજકર્તા તરીકે રાજકીય ચતુરાઈ અને ઉમદા વહીવટકર્તા તરીકેની કુશળતા પૂર્વક રાજય ચલાવેલ.

ગુજરાતના ઈતિહાસમાં નજર કરીએ તો મીનળદેવી બાહોશ સ્ત્રી રાજકર્તા ગણી શકાય. ગુજરાતની કલા સંસ્કૃતિ, ધાર્મિક તથા ન્યાયનો પર્યાય એટલે મલ્હાવ તળાવએ મીનળદેવીની દેન છે.

સ્વરાજય પછી ઈન્દીરા ગાંધીનું નામ આદરથી લેવાય છે. ગળગુથીથીજ રાજકારણના પાઠ શીખેલા ઈન્દીરા ગાંધીએ કટોકટી કાળમાં પોતાની નિપૂર્ણતા બતાવેલી અને લોખંડી મહિલાનું બિરૂદ મેળવેલ.

સાંપ્રત રાજકારણમાં સોનિયા ગાંધી સત્તા ના હોવા છતાં સર્વોપરી સત્તા ભોગવી રહ્યાં છે. તેમજ અન્ય સશકત મહિલા રાજકારણીઓ તરીકે શીલા દિક્ષીત, જયવંતી નટરાજ, અંબિકા સોની, જયલલિતા, માયાવતી, મમતા બેનર્જી, સુષ્મા સ્વરાજ, રેણુકા ચૌધરીએ અલગ રસ્તો બનાવી પુરૂષ પ્રધાન રાજકારણીઓમાં અલગ છાપ ઉભી કરી છે.

એશિયાખંડની વાત કરીએ તો પાકિસ્તાન જેવા ધર્મ ઝનૂની, રૂઢિચુસ્ત દેશમાં બેનજીર ભુટ્ટોએ કુનેહ પૂર્વક રાજ કરેલ. શ્રીલંકામાં બંડાર નાયકે, ચંન્દ્રીકા રણતુંગે, બાંગ્લાદેશમાં શેખ હસીના સફળ રાજકારણીઓ પુરવાર થયેલ છે.

વિશ્વફલકના રાજકારણ ઉપર નજર નાખીએ તો ઈંગ્લેન્ડની લોકશાહીમાં મેરી સ્કોટ, રાણી એલીઝાબેથ ક્વીન વિકટોરીયા, માર્ગારેટ થેચર, વગેરે સ્ત્રી રાજકર્તા થયા જર્મનીમાં પણ પ્રેસીડન્ટ મહિલા હતા. જ્યારે અમેરીકામાં તો મહિલાઓને વોટ આપવાનો અધિકાર પણ ખૂબ મોડેથી આપવામાં આવ્યો.

ભારત ઈતિહાસમાં રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલનું નામ સુવર્ણ અક્ષરે લખાશે.

અને સ્ત્રી સશક્તિકરણનો મુખ્ય પાયો નાંખ્યો. પક્ષ ગમે તે હોય વર્ષોથી મહિલાઓની ૩૩ ટકા અનામતનો વિરોધ કરનાર પ્રથમ પ્રધાન રાજકારણી મહિલા રાષ્ટ્રપતિ માટે સંમતિ આપી એ ભારતની સ્ત્રી સમાજને મોટી ભેટ છે.

ગુજરાતના રાજકારણમાં નજર કરીએ



તો કોકીલાબેન વ્યાસ, સ્વ. ચીમનભાઈ પટેલના ધર્મપત્નિ ઉર્મીલાબેન પટેલથી લઈ આજના રાજકારણમાં સફળ રહેલા આનંદીબેન પટેલ, જશુબેન કોરાટ, વિભાબેન ત્રિવેદી, માયાબેન કોડનાની વિગેરે સફળ સ્ત્રી સશક્તિકરણના ઉદાહરણ છે. આગામી સદીમાં ભાવીનું રાજકારણ સ્ત્રીઓના હાથમાં હશે તેમાં બે મત નથી. સરપંચની, તાલુકાની જિલ્લા પંચાયતની ચુંટણીમાં મહિલા અનામતથી 'સરપંચ પતિ'એ નવો શબ્દ શબ્દ કોશમાં ઉમેરાઈ સ્ત્રીઓને ગૌરવ બક્ષેલ છે.

આજે આપણે સમયના એવા તબક્કે આવીને ઉભા છીએ કે ૨૧મી સદીએ ભારતની સદી હશે. ભારતીની શિક્ષિત માતાઓ, પત્નીઓ અને પુત્રીઓનું યોગદાન એમાં મહત્વનું રહેશે. આજે અનેકક્ષેત્રોમાં સ્ત્રીઓ પુરુષથી પણ આગળ છે.

મહિલાઓને સન્માનીય સ્થાન આપવા માંગતા હોઈએ તો સમાજે તેનો માનસિક વલણો બદલવા પડશે, સાથોસાથ વર્તમાન મહિલા સંસ્થાઓ જે મોટેભાગે ફેશન પરેડ શો, વાનગી સ્પર્ધા કે મહેંદી સ્પર્ધા યોજવામાં જ પોતાનો સમય બરબાદ કરે છે તેની જગ્યાએ મહિલાઓને પડતી આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ હલ કરવા માર્ગદર્શન અને મફ્ત કાનૂની કેન્દ્રો ઉભા કરવા જોઈએ. અત્યાચારનો ભોગ બનતી તમામ મહિલાઓને જાતિ, ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ સિવાય મહિલા વિકાસના કાર્યો કરશે ત્યારે સાચા અર્થમાં સ્ત્રી સશક્તિરકણ થયું ગણાશે. અને 'રમન્તે તત્ર દેવતા યત્ર નાર્યસી પૂજયન્તે' ની ભાવના સાર્થક થશે.

- અશ્વિન ત્રિવેદી